# કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ


બરછી કાર્યાલય C/o.ફાઈન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com



મે – ૨૪ | વર્ષ : ૬૦

વર્ષ : જાન્યુઆરીથી ડીસેમ્બર | વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫




હવે આ વ્યથાઓ ટળે તોય શું?
ખુશી બે ઘડીની મળે તોય શું?
ગયું નૂર આંખોનું સાવ જ પછી,
હજારો દીવા ઝળહળે તોય શું?
જુઓ, દેહ પથ્થરસમો થઈ ઊભો છે,
કશું ભીતરે સળવળે તોય શું?
અમારી જ શ્રદ્ધા ગઈ થાકી-હારી,
દુઆઓ તમારી ફળે તોય શું?
અમારે જે કહેવું હતું કહી દીધું છે,
ન એ વાતને સાંભળે તોય શું?
ચલો, અંત પામી સફર આ ગઝલની
નવા કાફિયાઓ ભળે તોય શું?

હિમલ પંડ્યા

## શ્રી હિમાંશુભાઈ માંકડનાં પુસ્તક "હરિને હાથતાળી" નું વિમોચન



'વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે'.. ભક્ત કવિ નરસિંહ મહેતાની આ રચનાથી સૌ કોઈ વાકેફ છીએ, તો ભગવદ્ ગીતાના ભક્તિયોગ કર્મયોગ જેવા અધ્યાયોનું વાંચન પણ કરતા હોઈએ છીએ પરંતુ તેનો અર્થ મર્મ સમજી જીવન જીવી જાણી ને ખરા અર્થમાં માનવ જીવનને સાર્થક કરનારા વિરલાઓ જૂજ હોય છે, જેમાંના એક, તે સંવેદનશીલ, સરળ અને સહજ સ્વભાવના ચ ભાઈથી જાણીતા હિમાંશુભાઈ ડોલરરાય માંકડ. જેઓએ કોઈ ઉપકારનો ભાવ નહીં, નહીં સ્વાર્થ કે અભિમાન, કે માન સન્માનની અપેક્ષા, નિમિત માત્ર બનીને જાણે સત્કર્મ દ્વારા ભક્તિ કરતા હોય તેમ ખરા અર્થમાં ધર્મને અનુસારી સતત ૩૦ વર્ષથી અવિરત- નિરંતર સરકારી હોસ્પિટલ, ઝનાના હોસ્પિટલમાં આવતા દરિદ્રનારાયણની સેવાની ભેખ ધરી છે. તેઓની સેવાને અનેક સંસ્થાઓ અને સરકારશ્રી દ્વારા સન્માનિત પણ કરવામાં આવેલ છે.

ગત તારીખ ૯મી મે ના રોજ રાજકોટ સ્થિત હેમુ ગઢવી મીની થિયેટર ખાતે આવા પરદુ:ખભંજક શ્રી હિમાંશુભાઈ માંકડના પુસ્તક 'હરિને હાથતાળી' નો વિમોચન સમારોહ સાહિત્ય, શિક્ષણ અને સેવાજગત ના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ અને મોટી સંખ્યામાં ચાહકો અને ભાવકોની હાજરીમાં યોજાય ગયો. રાજકોટના જાણીતા યુવા લેખક કલાકાર હર્ષલ માંકડના સંચાલન હેઠળ નાટય રૂપે વિમોચન કાર્યક્રમમાં હિમાંશુભાઈનો સમગ્ર પરિવાર જુદા જુદા પાત્રોમાં સામેલ થતો ગયો...પ્રશ્નોત્તરી સંવાદ થયા. પોથીયાત્રાની જેમ મંચ ઉપર વિરંચી બુચ અને કલાકારોના સમૂહ દ્વારા ગ્રંથ યાત્રા નીકળી. પ્રથા બક્ષી દ્વારા પુસ્તકના એક પ્રસંગ 'ચાર્મી બચી ગઈ'નું વાચિકમ થયું.

રાજકોટના જાણીતા લેખક - કવિ પ્રણવ બક્ષી દ્વારા સંપાદિત 'હરિને હાથ તાળી' માં હિમાંશુભાઈની ત્રણ દાયકાની સેવા સફર દરમિયાનના અનુભવો, ઘટનાઓ, કિસ્સાઓ વર્ણવતા ૩૬ પ્રસંગો આલેખવામાં આવ્યા છે. નોંધપાત્ર બાબત છે કે આ પુસ્તક દ્વારા મળનાર તમામ આવક જય ગુરુદેવ હોસ્પિટલ સેવા મંડળને અર્પણ કરવામાં આવનાર છે. આ દ્વારા હિમાંશુભાઈના નિષ્કામ સેવા યજ્ઞમાં આપણે પણ સહભાગી બનીએ. પુસ્તક મેળવવા સંપર્ક કરો : અનુરાગ માંકડ 94280 37307 / હિમાંશુભાઈ માંકડ 94262 25193


## પ્રયાગ બુચ એચએસસી.માં શાળામાં પાંચમા સ્થાન સાથે ઉત્તીર્ણ



રાજકોટ સ્થિત શ્રી હેમંત બુચ અને શ્રીમતી ફોરમ બુચના પુત્ર પ્રયાગ બુચે તાજેતરમાં ગુજરાત એચએસસી. બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ૯૯.૫૧ PR - ૯૩ % સાથે ઉત્તીર્ણ કરી તેમની શાળા બી.એચ.રાઠોડ હાઇસ્કુલમાં પાંચમું સ્થાન મેળવ્યું. JEE ની પરીક્ષામાં પણ ૯૯.૨૬ મેળવી પરિવાર તથા જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે.

ચિ. પ્રયાગ રાજકોટના સ્વ. ડો. રશ્મિકાંતભાઈ પૌત્ર તથા જૂનાગઢના શ્રી હરકાંતભાઈ ત્રિવેદીના દોહિત્ર થાય છે.

# 'હું ઇકબાલ' માટે નિરવ વૈધને "બેસ્ટ નવોદિત અભિનેતા" નો એવોર્ડ એનાયત



તા. ૨૪/૦૨/૨૦૨૪ ને શનિવારે મુંબઈ ખાતે યોજાયેલ ભવ્ય અને ઝાઝરમાન '૨૧મા ટ્રાન્સમીડિયા ગુજરાતી સ્ક્રીન એન્ડ ડ્રામા એવોર્ડ'ના કાર્યક્રમમાં ગુજરાતી સસ્પેન્સ થ્રિલર ફિલ્મ 'હું ઇકબાલ' માટે નિરવ વૈદ્યને "બેસ્ટ નવોદિત અભિનેતા - એક્ટર" નો એવોર્ડ શ્રી અભિલાષભાઇ ઘોડાને હસ્તે એનાયત થયો.

મૂળ પોરબંદરના હાલ ગાંધીનગર સ્થિત શ્રી મુકેશ જયકાન્તભાઇ વૈદ્ય અને શ્રીમતી વિશાખા મુકેશભાઈના પુત્ર નિરવ વૈદ્ય બહુમુખી પ્રતિભાશાળી યુવાન છે કે જેઓ વિજ્ઞાન વિદ્યા શાખાના સ્નાતક છે, બીએસસી (કેમેસ્ટ્રી)નો અભ્યાસ કર્યો છે પરંતુ અભિનય તેમનું પેશન છે.. લગભગ ૧૫ વર્ષથી અભિનય ક્ષેત્રે કાર્યરત રહી અને ગુજરાતી હિન્દી નાટકો, શોર્ટ ફિલ્મોમાં અભિનય ઓજસ પાથર્યા છે. ટૂંક સમય પહેલા આવેલી ફિલ્મ 'હું ઈકબાલ' માં અભિનય દ્વારા દ્વારા તેમની અભિનય ક્ષમતા અને પ્રતિભાનો ખરો પરિચય કરાવ્યો છે. નિરવ વૈદ્ય પ્રોફેશનલ કોરિયોગ્રાફર, એન્કર અને વોઈસઓવર આર્ટિસ્ટ છે.

આકાશવાણી અમદાવાદ ખાતે 'એનાઉન્સર' ની પેનલ પર પસંદગી પામેલ છે અને એનાઉન્સર તરીકેની કામગીરી બજાવે છે. કલર્સ ગુજરાતી ચેનલ પર સાંજે ૬.૩૦ કલાકે પ્રસારિત થતી ગુજરાતી સિરિયલ 'શિવ શક્તિ' માં  મહાદેવ શંકર ભગવાનનો 'વોઇસ' આપી રહ્યા છે.

હવે જાણીએ નિરવ વૈદ્યની અભિનય સફરના અંશ :

નિરવ વૈદ્યને મુંબઈ ખાતે 'બેસ્ટ એક્ટર'' ના કુલ ત્રણ એવોર્ડ મળેલ છે :

(૧) મુંબઈ ખાતે યોજાયેલ્ 'ચિત્રલેખા' સાપ્તાહિક્ દ્વારા આયોજીત સમગ્ર ગુજરાતની 'દ્વિઅંકી નાટ્ય સ્પર્ધા ' માં ચ. ચી. મહેતા લિખીત (મૂળ પ્લોટ ઝવેરચંદ મેઘાણી) અને પાલાદાન (પ્રવીણસીહ) ગઢવી દિગ્દર્શિત 'શેતલને કાંઠે' નાટક માટે ''બેસ્ટ એક્ટર'' નો  એવોર્ડ પુ.મોરારીબાપુ ના હસ્તે.(સાલ ૨૦૧૬ )(આ નાટકનો શો દુબઇ માં પણ યોજાયેલ. )

(૨) મુંબઈ ખાતે યોજાયેલ્ આદિ મર્ઝબાનની યાદમાં આયોજીત સમગ્ર ગુજરાત ની  'એકાંકી નાટ્ય સ્પર્ધા' માં ભાર્ગવ ત્રિવેદી લિખિત અને દિગ્દર્શિત 'પોત પોતાનુ કૅન્વાસ' નાટક માટે ''બેસ્ટ એક્ટર'' નો એવોર્ડ. (સાલ ૨૦૧૭ )

(૩) મુંબઈ ખાતે '૨૧મો ટ્રાન્સમીડિયા ગુજરાતી સ્ક્રીન એન્ડ ડ્રામા એવોર્ડ' માં "હું ઇકબાલ" ગુજરાતી ફિલ્મ માટે  "બેસ્ટ નવોદિત અભિનેતા -એક્ટર" નો એવોર્ડ..(સાલ ૨૦૨૪)

ઉપરોક્ત ત્રણે અલગ અલગ કેટેગરીમાં "બેસ્ટ એક્ટર" તરીકે એવોર્ડ મેળવનાર સમગ્ર ગુજરાત, રાજસ્થાન કે મહારાષ્ટ્રમાં એક માત્ર ગુજરાતી કલાકાર -એક્ટર - હશે.

નિરવ વૈદ્યે આ ઉપરાંત કોલેજમાં,જાહેર કાર્યક્રમોમાં, પ્રતિયોગીતામાં અને વ્યવસાયિક ધોરણે (પ્રોફેશનલ શોમાં) આશરે પાંત્રીસ કરતાં વધારે સ્ટેજ નાટકો ભજવેલ છે જેમાં દુબઇ,મુંબઈ, ગોવા,સહિત ગુજરાતના નાના મોટા શહેરોમાં શો કરેલ છે. તે પેકી યાદગાર નાટકો (૧) 'એમ પૂછી ને થાય નહી પ્રેમ'- અભિલાષ ઘોડા નિર્મિત અને નિશિથ બ્રહ્મભટ્ટ દિગ્દર્શિત (૨) 'કમાલ ફેમિલી ધમાલ ફેમિલિ'- ભાર્ગવ ત્રિવેદી

લિખીત અને કર્તવ્ય શાહ નિર્મિત (૩) 'સેકન્ડ ઇનિંગ્સ '-પૃથ્વી પવાર લિખિત અને દિગ્દર્શિત (૪) 'તમે વોન્ટેડ અમે મોસ્ટ વોન્ટેડ'- ભાર્ગવ ત્રિવેદી લિખીત અને કર્તવ્ય શાહ નિર્મિત (૫) 'તારી મારી વાત'-ઝલક ચાવડા લિખિત અને દિગ્દર્શિત (૬) 'કેફે જવાની દીવાની'- સોહમ જાની નિર્દેશિત (૭)'કૈકઈ' (શ્રી રામનો રોલ )- ક્નૈયાલાલ ભટ્ટ લિખિત અને સોહમ જાની નિર્દેશિત (૮) સ્વામી વિવેકાનંદ (રામકૃષ્ણ પરમહંસનો રોલ- રાજુ શુક્લા નિર્મિત (૯) ગાંધીનગર ક્લ્ચરલના રજતજયંતી કાર્યક્રમમાં પ્રકાશલાલા લિખિત અને દિગ્દર્શિત 'હું ગાંધીનગર' વિગેરે નાટકોનો સમાવેશ થાય છે..


નોંધનીય બાબત છે કે, નિરવ ગાંધીનગર ગવર્મેન્ટ સાયન્સ કોલેજ માં B.Sc. ના સ્ટુડન્ટ હોવા છતાં ત્રણે ત્રણ વર્ષ કોલેજ વતી યુનિ. અને સરકાર દ્વારા આયોજીત ક્લ્ચરલ પ્રોગ્રામોમાં નિરવે ભાગ લીધો અને ત્રણે ત્રણ વરસ અલગ અલગ ક્ષેત્ર ( ગરબા,નાટકો)માં ઇનામ ટ્રોફી અને પ્રમાણપત્રો મેળવેલ છે. ગર્વ અને ગૌરવ ની બાબત છે કે, ગુજરાત યુનિ. આયોજિત યુથ ફેસ્ટિવલની નાટ્ય સ્પર્ધામાં કુલ ૧૫ કોલેજો/ નાટકોએ ભાગ લીધેલ અને તેમાંથી નિરવના બેસ્ટ પર્ફોર્મન્સ થકી તેના નાટક (મૌલિક રાજ શ્રીમાળી દિગ્દર્શિત) "અજવાળામાં ખોવાયેલ માણસ" ને 'પ્રથમ' એવોર્ડ અને નિરવને 'શ્રેષ્ઠ અભિનેતા' નો એવોર્ડ/ ટ્રોફી મળેલ, જયારે ગાંધીનગર ગવર્મેન્ટ સાયન્સ કોલેજને તેની સ્થાપના પછી પહેલીવાર નિરવ થકી 'શિલ્ડ' મળેલ છે. જે આજે પણ ગાંધીનગર ગવર્મેન્ટ સાયન્સ કોલેજ માં શોભાયમાન છે. નિરવ વૈદ્ય થકી ગાંધીનગર સાયન્સ કોલેજને 'શિલ્ડ ' મળ્યો તે પહેલા કે તેમના કોલેજ છોડ્યા પછી ક્લચરલ પ્રવૃત્તિ માટે આજદિન સુધી હજુ બીજો 'શિલ્ડ' ગાંધીનગર સાયન્સ કોલેજને મળ્યો નથી.

નિરવ વૈદ્યની ચોટદાર અભિનયની યુ ટ્યુબ ઉપર અને દૂરદર્શન પર જોવા લાયક શોર્ટ ફિલ્મો અને નાટક.

* સીતાંશુ જોશી લિખિત અને દિગ્દર્શિત એવોર્ડ વિનર ગુજરાતી શોર્ટ ફિલ્મ (26).
*ભાર્ગવ ત્રિવેદી (તારક મહેતાના ઉલ્ટા ચશ્માંના પ્રવર્તમાન લેખક) લિખિત અને હાર્દિક પરીખ દિગ્દર્શિત હોલિવુડ ની ઓસ્કાર એવોર્ડ વિનિંગ ફિલ્મ " joker" પરથી પ્રેરિત હિન્દી શોર્ટ ફિલ્મ 'જોકર'- ભાગ -૧.
*ડી.ડી. ગિરનાર પર અવાર નવાર પ્રદર્શિત થતું નાટક 'સ્માઇલ પ્લીઝ'

આવા બહુમુખી પ્રતિભાસંપન્ન જ્ઞાતિ કલાકાર નિરવ વૈદ્યએ મેળવેલ સિદ્ધિ અને સફળતા બદલ અભિનંદન સાથે ઉત્તરોત્તર પ્રગતિ સાથે તેવી શુભકામના પાઠવીએ.

## કુ. સુહાની રીંડાણી ધોરણ -૧૨માં શાળામાં પ્રથમ સ્થાન



જામનગરની શ્રી સત્યસાંઈ વિદ્યાલયમાં અભ્યાસ કરતાં કુ. સુહાની કેયુરભાઈ રીંડાણી એ તાજેતરમાં ગુજરાત બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ૯૯.૭૮ PR સાથે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી તેમની શાળામાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. તેણીએ GUJCET ની પરીક્ષા ૯૭.૩૩ PR સાથે ઉત્તીર્ણ કરી છે તો, સંસ્કૃત વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવ્યા છે.

પરિવાર સાથે જ્ઞાતિને પણ ગૌરવ બક્ષનાર ચિ. સુહાનીને અભિનંદન.

ચિ. સુહાની જામનગરના જાણીતા ડોક્ટર સ્વ. હેમેન્દ્રભાઈ એચ. રીંડાણીનાં પૌત્રી તથા જૂનાગઢની શ્રી બિપીનભાઈ એચ. મજમુદારના દોહિત્રી થાય છે.

# શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળ - અમદાવાદ

શ્રી મંડળ દ્વારા ઇષ્ટદેવ શ્રી હાટકેશ્વર દાદાના પાટોત્સવની પૂર્વસંધ્યાએ કાર્યક્રમનો આરંભ જૂનાગઢના શ્રી રાજીવ મહેતાના ઘેઘૂર અવાજ અને અસ્ખલિત પ્રવાહમાં લંકાપતિ શ્રી રાવણ કૃત શ્રી શિવ તાંડવ સ્તોત્રથી કરવામાં આવ્યો. ત્યારબાદ શ્રી લય અંતાણી સાથે મ્યુઝિકલ ચિત્રહાર હાઉઝી નો કાર્યક્રમ અને ત્યારબાદ સમૂહ ભોજન પ્રસાદ 1100 ઉપરાંત જ્ઞાતિજનો એ લાભ લીધો. શ્રી લય અંતાણીએ તેમની વિશિષ્ટ શૈલીમાં મ્યુઝિકલ હાઉઝી માં 675 ઉપરાંત જ્ઞાતિજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને આનંદ લીધો. શ્રી લય અંતાણી એ અબાલ વૃદ્ધ સહુને ને લગભગ દોઢેક કલાક સુધી જકડી રાખ્યા. આ સમગ્ર કાર્યક્રમ LED પર દર્શાવવામાં આવ્યો. LED આપણા જ જ્ઞાતિજન શ્રી દીક્ષિતભાઇ ઘોડા દ્વારા પૂરું પાડવામાં આવેલ. ડો. વિભાકર ભાઈ ઘોડા દ્વારા જ્ઞાતિ ના યુવાઓને પોતાના વ્યવસાયની માહિતી આપવા માટે જાહેરાત દર્શાવવાની તક પૂરી પાડવામાં આવેલ, જેમાં હેલ્થ, ટ્રાવેલ, ફૂડ, ફાયનાન્સ વગેરે ક્ષેત્રોના 13 જ્ઞાતિ યુવાઓએ પોતાની વ્યવસાયિક પ્રવૃત્તિઓ દર્શાવી. મંડળની પ્રવૃત્તિઓ, દાતાશ્રીઓના અભિવાદન અને મંડળ દ્વારા વર્ષ 2023-2024 દરમ્યાન વિવિધ ફંડમાંથી કરવામાં આવેલી સહાયની રકમ દર્શાવતી સ્લાઇડ પણ દર્શાવવામાં આવી.

પાટોત્સવ પ્રસંગે સ્વ. બિપીનચંદ્ર ભાલચંદ્ર નાણાવટી તથા સ્વ. વામનભાઈ વિષ્ણુભાઈ બુચના પરિવાર તરફથી માતબર રકમ નુ અનુદાન મળેલ.

મંડળના નિયમિત દાતાઓ તરફથી મળતા અનુદાન થી કાર્યક્રમ દરમ્યાન રાહતદરે ફૂલ સ્કેપ નોટ નું વિતરણ કરવામાં આવ્યું.

સમૂહ ભોજન પ્રસાદમાં કેરીનો રસ, પૂરી/રોટલી, લાઇવ ઢોકળા, ચાઇનીઝ સમોસા, દમ આલુ, ભીંડી મસાલા સહિત સ્વાદિષ્ટ ભોજન પીરસાયું. સુપર સિનિયર સિટીઝન જ્ઞાતિજનો માટે રાઉન્ડ ટેબલ ની વ્યવસ્થા કરવામાં આવી. પૂરતાં ફૂડ કાઉન્ટરને કારણે જ્ઞાતિજનો કોઈપણ જાતની તકલીફ વગર ભોજનનો આનંદ માણી શક્યા. જ્ઞાતિજનો એ આ એક અનોખા કાર્યક્રમની અને ભોજન ગુણવત્તાની પ્રશંસા કરતા છૂટા પડ્યા. સૌના આગમન સમયે ઠંડા જીરા શરબત ની બોટલ થી સ્વાગત કરવામાં આવ્યું.

તા. 22.04 ને પાટોત્સવ નિમિત્તે સાંજે 4.00 થી 6.00 દરમ્યાન નવરંગપુરા ખાતે આવેલ શ્રી પૂર્ણાનંદ આશ્રમના હોલમાં રુદ્રી પૂજન કરવામાં આવ્યું, જેમાં શ્રીમતી કિશોરીબેન અને રમેશભાઈ વચ્છરાજાની, શ્રીમતી રક્ષાબેન અને નરેશભાઇ પોટા અને શ્રીમતી નિર્ઝરી અને પુર્વજ કચ્છી એમ ત્રણ જ્ઞાતિ દંપતીએ યજમાન તરીકે નો લાભ લીધો. જેમાં 80 ઉપરાંત જ્ઞાતિજનો હાજર રહ્યા. આરતી પ્રસાદ બાદ, ઠંડા દૂધની બોટલ સાથે સૌ છુટા પડ્યા.

બંને દિવસોએ સમગ્ર કારોબારી સભ્યો અને અન્ય સેવાભાવી જ્ઞાતિ યુવાઓએ પ્રશંસનીય કામગીરી બજાવી, સમગ્ર આયોજનને એક નવી ઉંચાઈ આપેલ .

અહેવાલ : શ્રી અમિષ વસાવડા

**શ્રી.નાગર મંડળ અંધેરી, મુંબઈ** દ્વારા શ્રી.હાટકેશ્વર જયંતીના સંદર્ભે રુદ્રાર્ચન અંતર્ગત શ્રી હાટકેશ દાદાના પાટોત્સવની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી; શ્રી નાગર મંડળ અંધેરીના પ્રમુખ શ્રીમતી અર્ચિતાબેન મહેતાએ સૌનું ભાવભર્યું સ્વાગત કરીને ગણેશ સ્તુતિ સાથે આ પાટોત્સવની ઉજવણીની શરૂઆત કરી હતી..સવારે ચા કોફી તથા નાસ્તા બાદ લઘુરુદ્ર પૂજા શરુ કરવામાં આવી હતી. જેમાં નવ નાગર ગૃહસ્થોએ લઘુરુદ્ર પૂજામાં હોંશ અને ઉત્સાહભેર ભાગ લીધો હતો. પૂજામાં સામેલ થવા આવનાર તમામ સભ્યોનું કાજુપૂરીથી મીઠું મોઢું કરાવી, બહેનોને મોગરાના ગજરા, ઝૂડો અને ભાઈઓને બ્રોચ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. લઘુરુદ્રમાં નાગરી પરંપરા મુજબ લાડુનો પ્રસાદ ધરવામાં આવ્યો.

જાણીતા ગાયક દંપતી સુશ્રી.હેમાબેન તથા શ્રી આશિતભાઈ દેસાઈએ પ્રત્યક્ષ હાજરી આપી હતી. ચૈત્ર નવરાત્રિના અનુસંધાને તેઓના કંઠે ગવાયેલા ગરબા ઉપર નાગરી પરંપરાને અનુરૂપ વસ્ત્ર પરિધાનમાં સૌએ સાથે મળીને ગરબાની રમઝટ બોલાવી હતી... શ્રીમતી હેમાબેન દેસાઈના કંઠે ગવાયેલો ગરબો ‘દીવો માનો દીવો અખંડ દીવો’ દ્વારા કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું. મંડળના સભ્ય શ્રીમતી ધારીણિબેન હરેશભાઈ મહેતા તરફથી ૧૩ ખેલૈયાઓને ઇનામ આપવામાં આવ્યાં હતાં.

અંતમાં સહુ લાડુ, પુરી, લેચી, સફેદ ઢોકળા, કાજુ કારેલાનું શાક, બટેટાની સુકી ભાજી, પનીર પેશાવરી, જેવી વાનગીનો અને ફરાળ કરનારાઓ રાજગરાની પુરી, રસ, ફરાળી પેટીસ, બટેટાની સુકી ભાજી જેવી વાનગીના આસ્વાદને અંતે મીઠાપાનનો આનંદ લઈ છૂટા પડ્યા હતા.

અહેવાલ : કવિતા ઝાલા–છાયા

**શ્રી વડનગર જ્ઞાતિ જામનગર** દ્વારા ચૈત્ર સુદ ચૌદસ હાટકેશ જયંતિ પાટોત્સવ ની પરંપરાગત રીતે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. તા. ૨૨/૪ સોમવારના રોજ શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે સવારે ૮:૩૦ કલાકે ધ્વજારોહણ તથા લઘુરુદ્ર સહિતના ધર્મકાર્યો યોજાયાં. લઘુરુદ્રાભિષેકના યજમાન પદે ઉજ્જવલ ઓઝા તથા અક્ષિતા ઓઝા તેમજ ધ્વજારોહણના યજમાન પદે સ્વ. વિરેન્દ્રભાઈ છોટાલાલ ધોળકિયા તથા સ્વ તિલોતમાબેન વિરેન્દ્રભાઈ ધોળકિયાની સ્મૃતિમાં લીનાબેન તથા સુનિલભાઈ માકડે પુણ્ય લાભ પ્રાપ્ત કર્યો હતો.

સાંજે ૫:૩૦ કલાકે શ્રી હાટકેશ દાદાની રવાડી નાગરપરા થી ખંભાળિયા ગેટ, હવાઈ ચોક થઈ હાટકેશ મંદિરે પહોંચી હતી. જેમાં ૧૨ વર્ષ સુધીની વયના બાળકો માટે શિવ પરિવાર ફેન્સી ડ્રેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. રંગબેરંગી વસ્ત્ર પરિધાનમાં જ્ઞાતિજનો બહોળી સંખ્યામાં જોડાયા હતાં .સાંજે ૭ કલાકે રવાડી હાટકેશ્વર મહાદેવ મંદિર પહોંચતા સ્વાગત કરવામાં

આવ્યું હતું. બાદ સૌએ મહાઆરતીનો લાભ લીધો હતો.

તા.૨૨/૪ ના રોજ રાત્રે ૮ વાગ્યે ટાઉનહોલ ખાતે સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દર વર્ષે જ્ઞાતિ સેવકોને સન્માનિત કરવાની પ્રણાલી મુજબ, કોઈપણ જ્ઞાતિ કાર્ય માટે નિઃસ્વાર્થ ભાવથી સેવા માટે હંમેશા તત્પર એવા શ્રી રાજેન્દ્ર દિનકરભાઇ ઓઝા તથા હાટકેશ્વર ખાતે પૂજા, આરતીની તૈયારી, ઢોલ નગારા તપાવવા જેવી વર્ષોથી સેવા આપતા શ્રી પિયુષ રમાનાથભાઈ ધોળકિયાનું સન્માન કરવામાં આવ્યું હતું.

બાદમાં એક હજાર જેવી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનોએ રસ પુરી મિક્સ ભજીયા વગેરે સાથેના ભોજનનો રસાસ્વાદ માણ્યો હતો. ૭૦ વર્ષથી વધુ વયના વડીલો માટે ખુરશી ટેબલ અને પીરસવાની સેવા સાથે અલગ વ્યવસ્થા રાખવામાં આવી હતી. જ્ઞાતિ પ્રમુખ શ્રી ભોલાનાથભાઈ રીડાણીના નેતૃત્વમાં સમગ્ર કારોબારી અને સ્વયંસેવકોની જહેમત થકી આયોજન સફળ બની રહ્યું હતું.

અહેવાલ : ચિરાગ બુચ

**નરસિંહ મહેતા પ્રતિમા પ્રતિષ્ઠાન** : તા. ૧૯.૫.૨૦૨૪ રવિવાર ને વૈશાખ સુદ અગિયારસનાં



પાવન દિવસે ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાનાનાં રમણીય સમુદ્ર કિનારે બિરાજેલ ગોપનાથ મહાદેવનાં સાનિધ્યમાં શિરોમણી ભક્ત કવિ શ્રી નરસિંહ મહેતાની પ્રતિમા પ્રતિષ્ઠાન વિધિ અખિલ ભારતીય નાગર પરિષદ (મધ્યસ્થ) નાં રાષ્ટ્રીય પ્રમુખ શ્રી ડો.જલ્પેશભાઈ મહેતા ને વરદ હસ્તે કરવામાં આવી. આ મંગલ પ્રસંગમાં અખિલ ભારતીય નાગર પરિષદ નાં રાષ્ટ્રિય મહામંત્રી શ્રીમતી તન્વીબેન જહા, મહિલા પાંખ પ્રમુખ શ્રીમતી જલપાબેન દેસાઈ, ABNP રાજકોટ શાખા પ્રમુખ શ્રી જે ટી બક્ષી અને હોદેદારો સભ્યો, ભાવનગર શાખા પ્રમુખ શ્રી ધિરેનભાઈ વૈષ્ણવ અને કારોબારી સભ્યો તેમજ અન્ય જ્ઞાતિજનોએ હાજરી આપી. અખિલ ભારતીય નાગર પરિષદ ભાવનગર શાખા દ્વારા ABNP રાષ્ટ્રીય પ્રમુખ શ્રી ડો. જલ્પેશભાઈ મહેતા અને ABNP રાજકોટ શાખા પ્રમુખ શ્રી જે ટી બક્ષીનું પ્રશસ્તિપત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું. નરસૈયાની મૂર્તિ જીર્ણોદ્ધાર માટે અખિલ ભારતીય નાગર પરિષદ રાજકોટ દ્વારા વ્યક્તિગત રકમ એકત્ર કરી અનુદાન આપવામાં આવ્યું. આમ, મહેતાજીની જન્મભૂમિ ખાતે એક અવિસ્મરણીય મંગલ પ્રતિમા પ્રતિષ્ઠાન વિધિ પ્રસંગ ઉજવાયો.

**ખાસ નોંધ લેશો કે..**.જાન્યુઆરી માસથી બરછી પોસ્ટ/કુરિઅરના વિકલ્પમાં આપે જે રીતે લવાજમ ભર્યુ હોય તે મુજબ મોકલવામાં આવે છે. મેઈલીંગ પ્રોગ્રામમાં પણ પોસ્ટ/કુરિયરનો વિકલ્પ મુજબ બંનેની અલગ એડ્રેસ સ્લીપની પ્રિન્ટ નીકળે છે.વોટસએપનો ઓટો મેસેજ પણ તે રીતે મોકલવામાં આવે છે. છતાં મારી શરતચૂકથી રીન્યુ કરવામાં ભૂલ થઈ હોય અને અંક કુરિયરને બદલે પોસ્ટથી મળે કે ન જ મળે તો, કે સરનામામાં ફેરફાર હોય તો શકય હોય તો ગ્રાહક નંબર અથવા નામ સાથે તુરત જાણ કરવા વિનંતી છે. જેથી કુરિયરને જાણ–ફરિયાદ પણ–કરી શકાય.આ આપનો હક છે.–તંત્રી.

# તથ્યા મિહિર અંજારીઆનું આરંગેત્રમ



તા. ૧૦/૫/૨૪ રવિવારની સાંજે અંજારના ટાઉનહોલમાં ખીચોખીચ ભરાયેલા કલાપ્રેમીઓની હાજરીમાં, તાજેતરમાં જ બહાર પડેલા ધોરણ ૧૦ ના પરિણામોમાં અંજાર તાલુકામાં અવ્વલ રહેનાર કુ. તથ્યા મિહિર અંજારીઆએ પોતાના ગુરુવર્ય એવા ચંદે સિસ્ટર્સના હુલામણા નામે ઓળખાતા કલાગુરુ કુ. કિન્નરી ચંદે અને કુ. બાગેશ્રી ચંદે તેમજ કચ્છના ભરતનાટ્યમના ભીષ્મ પિતામહ એવા મહા કલાગુરુ શ્રીમતી સુમા મોહનના સંગાથે ભરતનાટ્યમ નૃત્ય આરંગેત્રમ રજૂ કરી દીક્ષિત થયાં હતાં.

ભુજ, અંજાર, ગાંધીધામ, સૌરાષ્ટ્ર તેમજ બૃહદ ગુજરાત માંથી બહોળી સંખ્યામાં પધારેલા કલાપ્રેમીઓ, વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, જ્ઞાતિ પ્રમુખોની હાજરી વચ્ચે કુ. તથ્યાએ પુષ્પાંજલિ, અલારીપુ, જતિસ્વરમ્, પદમ્, તિલ્લાના, મંગલમ્ પારંપરિક જેવી કૃતિઓ તદ્‌ઉપરાંત સતત ૫૫ મિનિટ સુધી ચાલેલી વર્ણમ્-દશાવતારમ્ જેવી ઉત્કૃષ્ટ કૃતિ રજુ કરી હાજર રહેલા શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

નૃત્યાંગના કુ. તથ્યા મિહિર અંજારીઆએ આ પ્રસંગે જણાવ્યું હતું કે ભરતનાટ્યમ, કથ્થક અને કુચિપૂડી જેવાં નૃત્ય આપણી ભારતીય સંસ્કૃતિ સાથે જોડાવવાનું માધ્યમ છે. આજની યુવા પેઢીએ આ સંસ્કૃતિને સમજવી જોઇએ.

આ પ્રસંગે કલા ગુરુ શ્રીમતી સુમા મોહન (ડાયરેક્ટર ઓફ નાટ્યાલય ગાંધીધામ) કે જેઓ છેલ્લા ૩૫ વર્ષથી ભરતનાટ્યમ ક્ષેત્રે કાર્યરત છે અને 2018-19 માં નૃત્ય સાધના પુરસ્કાર અને નૃત્યવિદુષીનું સન્માન પામ્યાં છે તેઓ અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતાં અને કુ. તથ્યાને આશિર્વચન પાઠવ્યા હતાં. તો ગુજરાત સંગીત નાટક અકાદમી દ્વારા ગુજરાત ગૌરવ પુરસ્કારથી સન્માનિત શ્રીમતી જયુથિકા મોહન દંપતી પણ આમંત્રણને માન આપી વડોદરાથી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેઓ એમ. એસ. યુનિવર્સિટી, ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સના હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ તરીકે નિવૃત્ત થયા છે.

અંજારીઆ પરિવાર વતી સ્વાગત અંજારના કાન, નાક અને ગળાના જાણીતા સર્જન એવા ડોક્ટર શ્રી ઋત્વિજભાઈ અંજારીઆ અને આભારવિધિ શ્રી નિમિષભાઈ અંજારીઆએ કરી હતી તો સમગ્ર કાર્યક્રમ નું સંચાલન હાઉસી કિંગ તરીકે જાણીતા શ્રી લયભાઈ અંતાણીએ સંભાળ્યું હતું.

કુ. તથ્યા અંજારના જાણીતા લેબટેકનોલોજિસ્ટ દંપતી શ્રીમતી પંક્તિ અંજારીઆ અને શ્રી મિહિર અંજારીઆના પુત્રી, અંજાર નિવાસી મંજરીબેન ભરતભાઇ અંજારીઆના પૌત્રી તથા જૂનાગઢ નિવાસી કલ્પનાબેન જનાર્દનભાઇ ધોળકિયાનાં દોહિત્રી થાય છે.

## સમાચાર સંચય



⌗ રાજકોટના વતની હાલ અમદાવાદ સ્થિત જ્યોતિર્મય મનોજકુમાર બુચ અને લક્ષિતા બુચના પુત્રી કુ. પ્રાર્થી બુચનું આરંગેત્રમ અમદાવાદ ખાતે નેહરુ ફાઉન્ડેશન ખાતે તારીખ ૧૨ મી મે રવિવારના રોજ યોજાય ગયું. તાજેતરમાં ધોરણ ૧૦ ગુજરાત બોર્ડમાં કુ. પ્રાર્થી ૯૪% સાથે ઉત્તીર્ણ થયાં છે.

⌗ ચિ. પ્રાર્થી અરુણાબેન મનોજકુમાર બુચનાં પૌત્રી તથા રમેશભાઈ વૈદ્ય તથા રાગિણીબેન વૈદ્ય (મુંબઇ)ના દોહિત્રી થાય. અભિનંદન .

⌗ વડોદરા અત્રેની મ.સ. યુનિવર્સિટીના પૂર્વ અધ્યક્ષ અને સાહિત્યકાર ડો. લવકુમાર દેસાઈની પુણ્ય સ્મૃતિ નિમિત્તે પૂ. ઇન્દિરા બેટીજી વ્રજધામ પરિવાર દ્વારા દર વર્ષે શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. જેમાં ડો. રાજેન્દ્ર કે. હાથીએ 'બોલે તો ફસાય ને ના બોલો તો પસ્તાય' વિષય ઉપર પાંચ મિનિટનું મનનીય વક્તવ્ય આપી ચોથું સ્થાન મેળવી રોકડ પુરસ્કાર પ્રાપ્ત કર્યો. તેઓ આ અગાઉ આ સ્પર્ધામાં સતત ત્રણ વાર વિજેતા બની ચૂક્યા છે.

⌗ રીટાયર્ડ ઓફિસર ફોરમ અને જીએસએફસી.ના સંયુક્ત ઉપક્રમે પ્રિ રીટાયરમેન્ટ સેમિનારનું આયોજન થઈ ગયું. જેમાં આયુર્વેદ તજજ્ઞ ડો. રાજેન્દ્ર હાથીએ નિવૃત્ત થતા અધિકારીઓ, કર્મચારી- ઓને નિવૃત્ત જીવનમાં ખાનપાન, રહેણી કરણી તથા જીવનશૈલી અંગે માર્ગદર્શન આપ્યું. રસપ્રદ પ્રશ્નોત્તરી પણ થઈ. ડો. હાથી ૪૫ વર્ષથી આ સેમિનારમાં અનુભવી માર્ગદર્શક તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા છે.

⌗ <u>રાજકોટ :</u> યુએસએ. સ્થિત શ્રી રાજીવભાઈ વછરાજાની દ્વારા સ્થાપિત રાજકોટની 'હાટકેશજન' સંસ્થા દ્વારા રામકૃષ્ણનગરના ઉદ્યાનના સ્થાપિત આદ્ય સંત કવિ નરસિંહ મહેતાની પ્રતિમાને ૬૧૬ જન્મ જયંતી નિમિત્તે વર્ષોવર્ષની પરંપરા મુજબ શ્રી વિપુલ પોટા- સમીર વસાવડાના નેજા હેઠળ મોટી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનો દ્વારા પુષ્પહાર અર્પણ કરી ભાવવંદના કરવામાં આવી.

⌗ ગાંધીનગર : ભક્ત કવિ સંત શિરોમણી શ્રી નરસિંહ મહેતાની ૬૧૬મી જન્મ જયંતી નિમિત્તે શ્રી નરસિંહ મહેતા ઉદ્યાન, સેક્ટર ૬ખાતે શ્રી નરસિંહ મહેતા નાગર સંગઠન દ્વારા આજે પ્રાતઃકાળે ભજન, પ્રભાતિયા તથા છંદ સ્તુતિ ગાન સાથે આયોજિત ઉજવણીમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.

⌗ અમદાવાદ : શ્રી હર્ષ સુનિલ અંજારિયા DLF કંપની ગુડગાંવ ખાતે એસોસિયેટ વાઈસ પ્રેસિડેન્ટ તરીકે બઢતી સાથે નિમાયા. તેઓ SEPT માંથી લેન્ડસ્કેપ આર્કિટેક્ચરમાં પોસ્ટ ગ્રેજ્યુએટ છે.

---

## અનંતના યાત્રીઓને શ્રદ્ધાસુમન :

**સુરત: સૌ. વર્ષાબેન નૈષધભાઈ વસાવડા // ભુજ : રાકેશ પુષ્પકાન્ત વૈષ્ણવ**

**રાજકોટ: મીનાક્ષીબેન (મીનાબેન) મુકેશભાઈ અંજારિયા, પ્રતિકભાઈ લલિતરંજન ધોળાકિયા, સુશીલાબેન ઈન્દ્રવદન વૈધ // ભાવનગર : પાર્થિવભાઈ દિલીપભાઈ માંકડ (ઉ. વ. ૫૯) પોરબંદર : શ્રી અતુલભાઈ એસ વૈષ્ણવ (નાગર જ્ઞાતિના પ્રમુખ) જામનગર : ઋષિકેશભાઈ અરૂણરાય છાયા (નિવૃત્ત BSNL)**

**મલાડ(મુંબઈ) : શ્રીમતિ ડો. હસુબેન (હર્ષાબેન) ગજેન્દ્રભાઈ હાથી(ઉ. વ. ૮૦)**

**અમદાવાદ: ધર્માશુભાઈ મહેંન્દ્રપ્રસાદ ધોળકિયા (ઉ. વ. ૭૨)**

**પરીક્ષાના પરિણામ :**

**ધોરણ - ૧૦**

**ટીશા કેતુર માંકડ ૯૬% ગાંધીધામ**
**(શાળા તથા ગાંધીધામ જિલ્લામાં ટોપ ટેનમાં સ્થાન મેળવ્યું છે)**
**તથ્યા મિહિર અંજારિયા ૯૬ % અંજાર કેન્દ્ર અને શાળાના પ્રથમ ક્રમે**
**પ્રિશા ઈશાન માંકડ ૯૯% ... સુરત**
**(સંસ્કૃતમાં ૧૦૦/ ૧૦૦ ગુણ)**
પ્રિશા નિમિત્ત વસાવડા ૯૨% રાજકોટ
જવિશ્ક ચિંતન ઓઝા ૯૮% રાજકોટ
કથન કાર્તિક કચ્છી CBSE ૯૪% રાજકોટ
રાહિલ શિલ્પીન દીવાન ૮૯% રાજકોટ
હિતેક્ષા નીરજ પાઠક ૮૬% રાજકોટ
મોહનીશ પ્રતીક વસાવડા ૮૦% રાજકોટ
તીર્થ પ્રશાંત માંકડ ૭૧% રાજકોટ
નિશાંત મિલન મહેતા ૮૦% રાજકોટ
આદિત વિશાલ અવાશિયા ૭૧% રાજકોટ
આરવ ધ્યાનેશ વસાવડા ૭૦% રાજકોટ
મોક્ષા શૈલેષ માંકડ ૮૪% જામનગર
મૈત્રી રાજેશ મંડલોઈ ૭૭ %જામનગર
નિસર્ગ પ્રાર્થન શુક્લ ૯૫% જામનગર
મિરલ જલ્પક શુક્લ ૯૪% જામનગર
કાવ્યા જીગ્નેશ ધોળકિયા ૯૪ % જામનગર
યોમ તેજસ ધોળકિયા ૬૧% જામનગર
હેત નીગમ વૈદ્ય ૬૪% જામનગર
સંખ્યા દૈદિપ્ય કચ્છી જૂનાગઢ ૯૧ %
પહેલી સમીર બક્ષી ૯૩% જૂનાગઢ
નૈશ્રી દીપેન માંકડ ૯૨% જૂનાગઢ
હાંસિલ ઉજાસ વસાવડા ૯૨% જૂનાગઢ
સ્વસ્તિ મિહિર વસાવડા, ૯૩% અમદાવાદ
આરઝુ જોશીપુરા Cambridge brd A gr. અમદાવાદ
કહાન ચિરાગ વૈષ્ણવ ૯૦ અમદાવાદ.
ખ્યાત જીગ્નેશ ધોળકિયા ૯૦% અમદાવાદ
ભાષા મયંક વૈષ્ણવ ૯૮ અમદાવાદ
શ્રેષ્ઠા નિસર્ગ અંજારિયા ૯૨% અમદાવાદ
ઉર્જવ અલ્પેશ પાઠક ૯૨% અમદાવાદ
ધ્યાન હાર્દિક વછરાજાની CBSE ૭૨% અમદાવાદ
તેજશ્રી દીપન બૂચ ૮૬% વડોદરા
વિવાન કાર્તિક વસાવડા CBSC ૯૪ % વડોદરા
કૃતિકા ઉર્મિષકુમાર વૈષ્ણવ ૭૭% સુરેન્દ્રનગર
ધ્વની ગૌરાંગ વછરાજાની ૮૧% CBSE અંજાર

**ધોરણ - ૧૨**

સુહાની કેયુર રીંડાણી ૯૯.૭૮ PR જામનગર
વૈશ્રી કેતન ધોળકિયા ૯૪ Pr જામનગર
કુશ હાર્દિક બક્ષી ૯૨PR જામનગર
માહિર હાર્દિક બુચ ૯૭ PR જામનગર
તત્સત્ ઋત્વિજ અંજારિયા ૯૯ PR જામનગર
આદિત્ય વલય બુચ ૧૨ CBSE ૯૬% પાલનપુર
મૌલિક વિશ્વેશ ધોળકિયા ૭૩% રાજકોટ
શ્રૃષ્ઠિ ગાર્ગેશ નાણાવટી ૯૮ PR રાજકોટ
શ્લોક રીતેષ નાણાવટી ૬૪% રાજકોટ
ઉર્જવ અલ્પેશ પાઠક ૯૨% CBSE અમદાવાદ
ધુમિલ હિતેશ ધોળકિયા ૮૦% અમદાવાદ

**MSW**
જપન યજ્ઞેશ માંકડ ૭૭% રાજકોટ (SP Uni.)

**FY. B.A.** (સાયકોલોજી)
ધીમહિ સંજયભાઈ પંડ્યા ૮૪% રાજકોટ

**TY. B.A.** (સાયકોલોજી)
**કુ. તનુશ્રી આશુતોષ નાણાવટી ૮૫% અમદાવાદ**

# “રઘુ ટપાલી"

વર્ષો પહેલાની વાત છે. એક નાનું સરખું ગામડું. અઢીસો ત્રણસો ઘર. મોટા ભાગના માણસો ખેતીકામ કરતા. ઉપરાંત નાના મોટા ધંધાર્થી રહેતા જે રોજબરોજની જરૂરિયાત માટે પુરતા હતા. દરેક ઘરમાંથી એક બે માણસો પાસેના મોટા ગામમાં નોકરી કરતા હતા અને કેટલાક તો પરદેશ કમાવા ગયા હતા કારણ એકલા ખેતીકામ પર આખા કુટુંબને નીભાવવું મુશ્કેલ હતું. ગામમાં સગવડો પણ ઓછી એટલે ઘણી વખત પાસેના મોટા ગામ પર નિર્ભર થવુ પડતુ.

આ બધામાં ગામમાં પોસ્ટ ઓફિસ પણ નહોતી. પાસેના ગામથી રોજ ટપાલી આવતો. તેનું નામ રઘુ હતુ. તે સાઇકલ પર થેલા લઈને આવે અને તે  નામ બોલતો બોલતો ટપાલ વહેંચતો જાય. તે હમેશા હસતોને હસતો રહેતો અને સ્વભાવ પણ સારો. સાથે પોસ્ટ કાર્ડ, કવર અને ઇનલેંડ લેટર રાખતો જેથી જરૂરિયાત પ્રમાણે લોકોને વેચાતા આપતો. એટલું તો ઠીક પણ લખેલી ટપાલ લઈ તેની પોસ્ટ ઓફિસમાં લઈ જતો હતો. જાણે કે એ એક હરતી ફરતી પોસ્ટ ઓફિસ હતો. ગામમાં અભણ લોકોની ટપાલ આવે તેને વાંચી પણ આપતો અને જરૂર પડે જવાબ પણ લખી આપતો. કોઈ ટપાલની રાહ જોતુ હોય તો સાંત્વના પણ આપતો કે મોડુ થયુ હશે, જવાબ આવશે. તે મની ઓર્ડર પણ લાવતો ત્યારે લોકોના મોંઢા પર ખુશી જોઈ તે ખુશ થતો.

આમ રઘુ ગામના લોકોનું પ્રિય પાત્ર હતો. ઘણાં વડીલો વ્હાલથી 'અલ્યા રઘલા "કહી બોલાવતા અને રઘુ તેમના આવી રીતે બોલાવવાથી ખુબ ખુશ થતો. રઘુની આવી નિષ્ઠાથી બધાનો વહાલો હતો.

થોડા વર્ષો પછી રઘુને રીટાયર થવાનો વખત આવ્યો ત્યારે બધા ખુબ દુઃખી થયા પણ આજતો જીવન છે એમ માનીને ગામ લોકોએ તેને સુંદર વિદાય આપી સાથે સાથે દરેકે પોતાની યથાશક્તિ ભેટ આપી પોતાનો રાજીપો વ્યક્ત કર્યો અને તેની રીટાયર જીંદગી માટે ખુબ શુભકામનાઓ આપી. આજે પણ અમુક લોકો રઘલાની રાહ જોતા હોય એમ લાગે છે.

- કર્દમ યાજ્ઞિક,વડોદરા

**વિચાર મંથન :** –ભોલાનાથ રીંડાણી,જામનગર.

રિલાયન્સ પરિવારના મોભી માનનીય કોકિલાબેન અંબાણીનું મૂળ વતન જામનગર છે અને પ્રાપ્ત માહિતી અનુસાર તેમનો પરિવાર ધ્રુવ ફળીમાં રહેતો હતો તથા તેમનો અભ્યાસ સજુબા સ્કુલમાં થયો હતો. તેમના એક ભાઈ સ્વ. ભોગીલાલ પટેલનો પરિવાર આજે પણ જામનગરમાં વસવાટ કરે છે. આ પરિવારની ભાવનાને સાકાર કરવા અનંત અને રાધિકાના પ્રિ-વેડીન્ગનો પ્રસંગ જામનગરમાં ઉજવાયા. નીતા અંબાણીના માતા નાગર છે એવું હાલમાં અનંતે કહ્યું છે એટલે આ બાબતે આપણી જ્ઞાતિને સાંકળી લેવાની ઈચ્છા થઈ છે.

એક જમાનામાં અતિ અગ્રસર, મુત્સદ્દી અને સાક્ષર જ્ઞાતિ તરીકે ગણાતી નાગર જ્ઞાતિની આજે પરિસ્થિતિ કેવી છે? પરણવા ઈચ્છુક મુરતિયાઓને યોગ્ય કન્યા નથી મળતી તથા ઉભય પક્ષે કન્યાઓને પણ યોગ્ય મૂરતિયા નથી મળતા અને તેનું એકમાત્ર કારણ છે આપણી જ્ઞાતિના લોકોની બિનજરૂરી મનોવૃત્તિ! આ બિનજરૂરી મનોવૃત્તિ શું છે? જામનગરના મૂરતિયા સાથે અમદાવાદ કે મુંબઈની છોકરી પરણવા તૈયાર નથી, પછી ભલે તે મૂરતિયો ડૉક્ટર, એન્જિનિયર કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હોય! હવે એ બિચારાની દશા જુઓ કે જામનગરની કન્યા પણ તેની સાથે પરણવા આનાકાની કરે છે કારણ કે તેને રાજકોટ, અમદાવાદ કે મુંબઈ જવું છે! નાગરનો મૂરતિયો ખાનગી ધંધો કરતો હોય તો તેને યોગ્ય કન્યા મળવામાં નેવાના પાણી મોભે ચડાવવા જેવું કામ થઈ જાય છે! લેટેસ્ટ ચાલ એવી છે કે સરકારી નોકરી કરતા નાગર કારકૂનને કન્યા નથી મળતી કારણ કે એનું સ્ટેટસ નબળું છે. નાગરમા એક પ્રચલિત માન્યતા હતી કે વરમાથી ઘર થાય પણ અત્યારે તો ભાડાના મકાનમાં રહેતા નાગર ગૃહસ્થને એની દિકરી એવા ઘરમાં દેવી છે કે જેની પાસે બંગલો અને ફોર વ્હીલર હોય!!!

---

**આરોગ્ય ગંગા :** આજકાલ વિટામિન બી ૧૨,કેલ્સિયમ અને વિટામિન ડી ૩ ની ઉણપ થી આખા શરીરે દાહ,જલન,પેશાબમાં જલનના કેસો વધ્યા છે તેની ઉણપના પગલાં વિટામિનોની પૂર્તિ કરવાથી રાહત મળે છે પણ તેની જોડે ઠંડક આપતાં કેટલાક પ્રયોગો પણ લાભદાયક છે (૧) સુખડ કે ચંદન પાણી કે ગુલાબ જળ સાથે ઘસી ને લેપ કરવા (૨) ઠંડા પાણીમાં કે બરફ વાળા પાણીમાં હાથ પગ રાખવા (૩) સુખડ,સૂકા ધાણા,વરિયાળી, કાળી દ્રાક્ષ, અને જેઠી મધ નું મિશ્રણ સુતરાઉ કાપડ ની પોટલી માં બાંધી માટી ના ઘડામાં પાણી ભરી આ પોટલી તેમાં મૂકી રાખવી જલન થાય ત્યારે આ પાણી પીવું (૪) રાત્રે દિવેલ અને કપૂર મિક્સ કરી હાથે પગે ઘસવા (૫) ચામડીના વિકાર ને લીધે બળતરા થતી હોય તો ઇન્દ્ર વરણાના પાકા ફળ ને એક મોટી થાળીમાં સમારી ને મૂકવા મોઢામાં સાકર નો ટુકડો રાખવો તે ટુકડા નો સ્વાદ કડવો લાગે ત્યારે બન્ને પગ સ્વરછ પાણીથી ધોઈ નાખવા આવી ક્રિયા રોજ બે વાર કરવાથી જલન દૂર થઈ જશે.

શું ના ખાવું : લાલ મરચું,મસાલેદાર ખોરાક,તૈલી આહાર,ખાતા,તીખા,આથા વાળા ખાદ્યો,વધુ પડતી ચા.

આધુનિક દોડાદોડી અને સ્પર્ધાત્મક યુગમાં માનસિક તાણ રોજબરોજ વધતી જ જાય છે, તે માનવ દેહ ને સંપૂર્ણ રીતે ઉધઈની જેમ કોરી ખાય છે શરીર અને મગજ ખલભલી જાય છે તેની પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે શરીરના દરેક અંગ,અવયવ ઉપર માઠી અસર થાય છે જ.(૧) મગજ (૨)મસ્તક,જડબા,ખભા(૩) આંતરડાં (૪) હૃદય (૫) ફેફસાં (૬) શ્વસન તંત્ર (૭) ચામડી(૮) પ્રજનન તંત્ર (૯) સ્નાયુઓ અને સાંધાઓ.

<u>**માનસિક તાણનો રામબાણ ઉપાય :**</u>

(૧) દીર્ઘશ્વસન ૧૦ મિનિટ દિવસમાં બે વાર (૨) યોગાસનો (૩) ક્રમિક શિથીલિકરણ (૪) તાણમાં જીવવાનું સ્વીકારી લો (૫) ધ્યાન,વિપશ્યના (૬) ખુલ્લા દિલે નિખાલસતા થી ખડખડાટ હસો (૭) બ્રાહ્મી, અશ્વગંધા, શતાવરી,માલ કાંકની,જટામાંસી,ગંઠોડા જેવા મગજને શાંત રાખતા દ્રવ્યો નો ઉપયોગ કરો

માનસિક તાણ,માનસિક તાણ,તે છે ભયાનક રોગોની ખાણ,
ખુશીઓની કરો સૌને લ્હાણ,જિંદગી આનંદ,મસ્તીથી માણ. ડો રાજેન્દ્ર કે હાથી, વડોદરા.

# આસક્તિમાં અનાસક્તિ

(સુધા નારાયણ મૂર્તિનો આપણામાંના ઘણા માટે પ્રેરક આંખ ઉઘાડનારો લેખ)

જ્યારે મારા બે સંતાનો પૈકીની મોટી દિકરી લગ્ન કરીને અમારા ઘેરથી નીકળી ત્યારે મને લાગ્યુ કે મારામાં નો એક હિસ્સો છૂટો પડી ને દૂર ગયો.

પુત્રી અને પુત્ર બંને સંતાનની માતા હોવાથી હું બંનેના સ્થાનનો તફાવત સમજતી હતી.

જ્યારે તેણી તેની કિશોરાવસ્થામાં હતી ત્યારે હું એવું અનુભવતી કે તે મારૂ જ બીજું શારીરિક રૂપ છે. એટલે જ્યારે તેણી ઘર છોડીને ગઈ ત્યારે મને લાગ્યું કે મારો જ એક ભાગ મેં ગુમાવ્યો છે.

લગ્ન બાદ જ્યારે તે પિયરમાં અમારી પાસે રહેવા આવી ત્યારે તેણીની પ્રાથમિકતાઓમાં આવેલ બદલાવથી હું ખૂબ હેબતાઇ ગઇ...મને ખ્યાલ આવ્યો કે-

આપણે પણ આપણા પોતાના  માતા પિતાને આવો જ આઘાત આપ્યો હશે ને!

જ્યારે તેણી મમ્મી એમ બોલી ત્યારે તેનો કહેવાનો સંદર્ભ તેની સાસુ હતી નહીં કે હું.

મને એવું લાગ્યું કે તે હંમેશા તેણીના ઘેર જલ્દી પરત ફરવાની ઉતાવળમાં રહેતી અને મારી સાથે થોડા વધુ દિવસો રહેવાનું તેના આયોજનમાં નહોતું.

આ પહેલો પ્રસંગ હતો કે જ્યારે મને સમજાયું કે મારે આસક્તિ રાખીને પણ વિરક્ત થતા શીખવાનો સમય પાકી ગયો છે.

પુત્રીના લગ્નના બે વરસ પછી મારો પુત્ર ઉચ્ચ અભ્યાસ અર્થે અમેરિકા ગયો.

સંતાનના દૂર જવાના અગાઉના અનુભવને આધારે આ વખતે હું લાગણીઓને સંભાળી લેવા થોડી સજ્જ હતી.

મેં શહેરમાં ચાલતા વિવિધ અભ્યાસ વર્ગ જેવા કે વેદાંતા- હિલીંગ- સામાજીક પ્રવૃત્તિ વગેરેમાં મન પરોવ્યું. હું બને એટલું ઘરથી દૂર રહેવા માંગતી હતી કેમકે મારા પતિ નારાયણ મૂર્તિ ૨૪ કલાક એમના કામકાજમાં રચ્યા પચ્યા રહેતા.

મારો પુત્ર મને લખતો કે તે મારા હાથની રસોઈ કેવી Miss કરે છે અને

તે કેવો આતુર હતો - ફરી પાછો ચેન્નાઈ આવીને અમારી સાથે રહેવા માટે.

થોડા વરસો પછી તે પરત આવ્યો અને અમે એને પરણાવ્યો.

તેમણે એની પત્ની સાથે અલગથી રહેવાનું કર્યુ અને અમે પણ આ વાતથી ખુશ હતાં કે તેઓ શરૂઆતથી જ સ્વાવલંબી બનવા માંગતા હતા.

પણ હવે બધુ બદલાઈ ગયું હતું.

એ જ્યારે અમેરિકા હતો ત્યારે મારી રસોઈ Miss કરતો અને હવે જ્યારે હું એને એની પત્ની સાથે અમારે ઘેર જમવા બોલાવતી તો દર વખતે એની પાસે કંઈને કંઈ બહાનું રહેતું.

ઓ મમ્મી - આજે અમારે બીજા કાર્યક્રમો છે. અમે આજે તારી પાસે ન આવીએ તો ગેરસમજ ન કરતી !

હું જોઈ શકતી હતી કે એની પ્રાથમિકતાઓ પણ સંપૂર્ણપણે બદલાઈ ગઈ હતી.

આપણે જ્ઞાનની ઘણી વાતો કરીએ અને બીજાને ઘણી સલાહ પણ આપીએ પરંતુ જ્યારે વાત આપણા ખુદના સંતાનની આવીને ઊભી રહે ત્યારે વાસ્તવિકતા સ્વીકારવામાં વાર લાગે છે.

આપણુ હવે પછીનું પગલું તેમને ખલેલ ન પહોંચે એમ છૂટથી  રહેવા દેવાનું હોવું જોઈએ...

આ એ ક્ષણ હતી કે જ્યારે મેં નીચે મુજબની મારી નવી પ્રોફાઇલ બનાવી.

મારા દરેક સંબંધમાં - બલ્કે દરેક વ્યવહારમાં હું મારૂ શ્રેષ્ઠ આપીશ અને મારાથી બનતું શ્રેષ્ઠ કરીશ મારા કહ્યા મુજબના આચરણ વાળુ જીવન જીવવા માટે.

મારૂ એમના પ્રત્યેનું જોડાણ / વળગણ સંપૂર્ણ જ રહેશે.

પરંતુ હું તેમ છતાં અનાસક્ત રહીશ - એ અર્થમાં કે તેઓ તેમના વર્તનમાં મારા વ્યવહારનો પડઘો પાડે એવી અપેક્ષા હું નહીં રાખું.

સૌથી અગત્યનું એ કે હું સજાગ પણે પ્રયાસ કરીશ - તેમનામાં દખલગીરી નહીં કરવા અને તેઓ જે જીવન જીવવા જઈ રહ્યા છે તે વિશે મારા મંતવ્યો આપવાનું ટાળીશ.

મારી અનાસક્તિના અભિગમને લીધે મારા Near અને Dear. પ્રત્યેની મારી સંવેદના - સચેતના કે કાળજી ઓછી નહીં થવા દઉ.

તમે જેમને એક વાર પ્રેમ કર્યો હોય એમને તમને છૂટથી જવા દેશો તો એ લોકો ક્યારેય તમારાથી દૂર નહીં થાય - આ જ તો ખૂબી છે અનાસક્તિ સહિતની આસકિતની!

હું પ્રેમ કરતાં અને જતુ કરતાં શીખી છું.

આ સૂત્રએ  મારામાં સહનશીલતા વિકસાવી છે.

જ્યારે હું લોકોને એમને જેમ જીવવું હોય એમ જીવવા દઉ છું ત્યારે હું તેમને તેઓ જેવા છે એવા સ્વીકારતાં પણ શીખું છું.

સૌથી મહત્વનું કે હું મારી આસપાસના જગતને સહન કરતા શીખુ છું અને આ સહનશીલતા થકી મારી અંદર શાંતિ અને પરિપૂણતાની લાગણી પ્રગટે છે.

હવે મને સમજાયું છે કે સંતાનોના ઘર છોડીને જવાથી ઉદભવતા  ભાવનાત્મક શૂન્યાવકાશ અને સાથે સાથ ઉમર વધવાને લીધે ઉદભવતી સમસ્યાની સ્થિતિને સંભાળવાની થાય છે ત્યારે જ આપણે માનસિક રીતે વધુ વિકસિત અથવા પુખ્ત થઈએ છીએ.

આ લેખ હું વિશેષરૂપે મારા એવા મિત્રોને સમર્પિત કરૂ છું કે જેઓ તેમના ખુદની ભાવનાત્મકતાના પાલન માટે સંપૂર્ણપણે તેમના સંતાનોના જીવન ઉપર અવલંબિત છે.

આ માટે તમારા ખુદના રસના વિષયો - શોખ વગેરે ઉભા કરો - ભલે તે ગમે તેટલું અઘરુ લાગતું હોય તો પણ. જે આપણને ગમતું હોય એ જ કરવાને બદલે જે કંઈ આપણે કરી શકીએ છીએ એને જ ગમતું કરતાં આપણે શીખવું જ રહ્યું.

વોટસએપ ઉપર સુધા નારાયણ મૂર્તિના અંગ્રેજીમાં મળેલ લેખનો ગુજરાતી ભાવાનુવાદ : ભૈરવ વસાવડા – રાજકોટ.

~~~~~~~~~~~~
~~~~~~~~~~~~

## ઉત્તમ કારકિર્દી અને ભવિષ્ય ઇચ્છનારા નાગર યુવાનો અને તેમના વાલીઓ માટે ખાસ સંદેશ

* આપણી જ્ઞાતિની ઓળખ બુદ્ધિશાળી,પ્રામાણિક અને કર્મનિષ્ઠ તરીકેની છે અને એટલે જ રાજાશાહીથી માંડીને વર્તમાન વહીવટી તંત્ર માં આપણો દબદબો રહ્યો છે.અને હજી પણ આપણા લોહીમાં એ ગળથુથીના ગુણો પડેલા જ છે.

* પણ કોણ જાણે કેમ ,આપણી બહોળી વર્તમાન પેઢીનું લક્ષ્ય એ તરફ સાવ ઓછું છે.અને અન્ય તમામ જાતિઓ બધી જ સરકારી કચેરી અને બેંકોમાં આપણાં બાપ દાદાની ખુરશીઓમાં ગોઠવાઈ ગઈ છે .અને આપણા ખુબ ઘણા યુવાનો ભણતરના મૂલ્યવાન વર્ષો પછી પણ કાં તો મળે તે ગમે તેવો સામાન્ય અને ઓછી આવક વાળો વ્યવસાય ન છૂટકે સ્વીકારી લે છે અથવા સારી નોકટીની લાલચ માં હવાતિયા મારતા વધુ મોટી ડિગ્રીઓ મેળવવામાં જિંદગીના બીજા થોડાં વધુ મૂલ્યવાન વર્ષો વિતાવે છે. લગભગ દિશા વિહીન દોડે છે. {અલબત્ત લક્ષ્ય સાથે ઉચ્ચ ડિગ્રી મેળવવાવાળાની આ વાત નથી }

* વિચાર મંથન કરતાં બે કારણો તરત નજરે ચડે છે. 1. વર્તમાન સમયમાં ઉંચી જતી ગુણવતા -મેરીટ માં ટકી રહેવાની યુવાનોમાં ઓછી ગંભીરતા..2. બેન્ક સરકારી નોકરીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેનું દુર્લક્ષ્ય.

* અને હકીકત તો એટલી આશ્ચર્ય જનક છે કે સ્નાતક કે અનુસ્નાતક માં પરિણામ નીચું હોય પણ સ્પર્ધાત્મક પરીક્ષાની યોગ્ય દિશામાં તૈયારી હોય તો રાતોરાત જીવન પલટાઈ જાય.આવા અનેક દાખલા પ્રત્યક્ષ છે.

* તો પછી યુવાનોએ એ માટે કરવાનું શું છે ? - સાવ સરળ છે.વર્ષમાં આવતી સેંકડો સ્પર્ધાત્મક પરીક્ષામાં શક્ય તેટલી બધી પરીક્ષામાં આવેદન પત્ર ભરવાનું.અને પરીક્ષા આપવાની.પછી તે તલાટીની હોય કે મામલતદાર ની. IAS ની હોય કે સેકશન ઓફિસરની..બેન્કના કલાર્કની હોય કે ઓફિસરની.વધુમાં વધુ પરીક્ષા તૈયારી સાથે આપવાની.

* આવી પરીક્ષા માટે પૂરતું સાહિત્ય બજારમાં ઉપલબ્ધ છે.યુટ્યુબમાં અને અનેક એપ્લિકેશનમાં paid અને free વર્ગો ચાલે છે .તે વિષે સજાગ રહીને તેમાં જોડાવું જોઈએ.

* અનેક સંસ્થાઓ માં તેના વર્ગો ચાલે છે .તેમાં પણ જોડાઈ શકાય.

* અમદાવાદમાં ગુજરાત સરકારે સ્થાપેલી SPIPA સંસ્થામાં UPSC પરીક્ષા માટેના તાલીમ વર્ગો પણ ચાલે છે. તેમાં પ્રવેશ લેવાની પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે { આ વર્ષે 31 મેં સુધીમાં વેબસાઈટ (http:// ojas.gujarat.gov.in/). પરથી મેળવી ફોર્મ ભરવાનું છે.}

* મોટાભાગના યુવાનો એકાદ વખત પ્રયત્ન કરીને છોડી દે છે પણ હકીકતમાં તે પકડી રાખીને દૃઢ સંકલ્પ સાથે ચોક્કસ દિશામાં પ્રયત્ન કરીએ તો જીવનમાં ચમત્કારિક પરિવર્તન આવી જાય.સવાલ સંકલ્પ અને પોતાની જાતમાં શ્રદ્ધા રાખવાની છે.આપણી અસ્મિતાને જાગૃત રાખવાની છે.

* નથી આપણા પાસે વારસાગત ધંધો કે ખેતી જમીન.વળી સ્વતંત્ર વ્યવસાયનું સાહસ કરવાની હિમ્મત પણ બહુ ઓછામાં હોય ,એટલે બાકીના મોટા ભાગના યુવાનોની ઉજ્જવળ કારકિર્દીનો આ સહુથી સરળ અને યોગ્ય માર્ગ છે. મહેનત અને ધીરજથી કરેલા પ્રયત્ન અવશ્ય સફળતા અપાવે જ.

* તો પછી શાની રાહ જોવાની? ઉપાડો કલમ ફોર્મ ભરવાની ને ઉચ્ચ કારકિર્દી બનાવવાની.'સિદ્ધિ તેને જય વરે જે પરસેવે નહાય '

-દિનેશ લ.માંકડ અમદાવાદ મોં. 9427960979

## ◂◂ ABM TRAVELS ▸▸

Discover your choice of destination in 2024,
we will make customized tour plan as per your requirement with
choice of selected hotels/resorts, top conditioned AC vehicles
with courteous drivers and lots of sightseeing for your comfortable
and stress free holidays- Chalo Jaldi Taiyar thai jav.

● Shimla Manali ● Dalhousie ● Dharamshala ● Amritsar ● Vaishnodevi
Ladakh ● Kashmir ● Nainital ● Corbet ● Mussoorie ● Darjeeling
● Gangtok ● Ooty Coorg ● Kerala ● Lakshadweep ● Andaman
● Guwahati ● Shilong ● Arunachal ● Rajasthan ● MP ● south India ● Goa
■ Nepal Dubai ■ Singapore ■ Thailand ■ Malaysia
■ Bali ■ Maldives ■ Mauritius ■ Vietnam

Religious places and many more.

**Avinash Mehta**
9820817318
abmtravels@gmail.com


તારા સતરંગી સપનાને સાકાર કરી ને જઉં,
મારી મોરપીચ્છની પીંછી તને સોપીને હું જઉં.
આ સંસારની આંટીઘૂંટી તને સમજાવીને જઉં,
હસતા મોઢે હારજીત ને સહેતા શીખવી જઉં.
હસી મજાક ને ઠઠ્ઠા મશ્કરીની યાદો મુકી જઉં,
ધ્રુવનો તારો જોતાં જોતાં ધ્રુવ બનીને જઉં.
ચાલ હવે સાંજ પડી લાગ્યો છે મને થાક,
ગોધુલીથી તિલક કરીને હરિને ભજતા જઉં.
તારા ચહેરા પર એક સ્મિત મુકીને જઉં,
તારા હૃદયને મારી ઉષ્મા સોંપીને હું જઉં.

સૌ. અમી કર્દમ યાજ્ઞિક - વડોદરા


Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**
OR you can pay by using this QR code→

Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.


**લગ્ન વિષયક જાહેરાત :**

(૧)એમ.ડી.(મેડીસીન),જ.૧/૧૯૯૬,૫'.૨" ઉંચાઈની કન્યાને યોગ્ય સમકક્ષ યુવક. સંપર્ક : ૯૯૨૫૨૦૮૬૨૨

(૨) એમસીએ. જ. ૧/૧૯૯૫, ઉ.૫'.૧૦" સિનિયર જોબ રીક્રુટર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક ૭૮૭૪૬૭૦૪૦૬

(૩) બી.ઇ.(ઇલે.) જ.મે/૧૯૯૭ ઉ.૫'.૧૧ "રીઝર્વ બેંકમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૯૪૨૯૯૦૩૦૨૮


તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઇન આર્ટ પ્રિન્ટર્સ,રાજકોટ.